EDII

**Divya Bhaskar**

**05 December, 2021**
**Page No.04**

### દેશના લઘુ-મધ્યમ ઉદ્યોગોને નં. 1 બનાવાશે

# નબળા પડેલા ચીનના ઉદ્યોગોનો MSME ક્ષેત્ર લાભ ઉઠાવે: રાણે

## કેન્દ્ર મંત્રીએ કહ્યું, સ્ટાર્ટઅપ, ટેક્નોલોજી માટે સરળતા થતાં ઉદ્યોગો માટે સારી તક

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ઉદ્યોગો વધવાથી યુવાપેઢીને રચનાત્મક રીતે વિચારવા અને તેમને સાહસ ખેડવા પ્રેરણા આપે છે. એટલે એમએસએમઈની વૃદ્ધિ અને સ્થિરતા પર ભાર મુકવો ખૂબ જ જરૂરી છે. કેન્દ્રીય એમએસએમઈ મંત્રી નારાયણ રાણેએ શનિવારે આંતરપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાની મુલાકાત વખતે આ વાત કરી હતી.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, હાલ સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગ સાહસિકતાને ટેકો આપવા માટે કેટલાક ઈન્ક્યુબેશન સેન્ટર, પેટન્ટ ફાઈલ કરવાની સરળતા, વ્યવસાય સ્થાપિત કરવાની સરળતા અને કાયદેસર ઔપચારિકતાઓ સાથે સંબંધિત પ્રગતિશીલ યોજનાઓ ધિરાણ, માર્કેટિંગ બજારો ટેક્નોલોજી, બૌદ્ધિક સંપદા માનવ સંસાધન વગેરે બહુ સરળ બનાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે લૂમ ટૂ મોલ હેન્ડબુક પણ જાહેર કરવામાં આવી હતી. ઈડીઆઈઆઈ, એચએસબીસી સાથે જોડાણમાં હેન્ડમેડ ઈન ઈન્ડિયા પ્રોજેક્ટનો અમલ કરે છે, જેમાં વણકરોની ક્ષમતા ઊભી કરવામાં આવે છે. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં ચીનની એમએસએમઈની સ્થિતિ ડામાડોળ બની ગઈ છે. તેઓ પાસે હાલમાં લોકોના ઓર્ડર પૂરા કરવાની ક્ષમતા રહી નથી, ત્યારે આનો લાભ ભારતની એમએસએમઈએ લેવો જોઈએ, જેના માટે શક્ય તમામ પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યાં છે.